ગાંધીનગર સમાચાર



**કેન્દ્રીય રાજયમંત્રી બંડારુ દત્તાત્રેય રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે**

કેન્દ્રીય શ્રમ અન રોજગાર રાજયમંત્રી શ્રી બંડારુ દત્તાત્રેયે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત સમયે ઉચ્ચાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

# ડેટા ઓપરેટર તરીકે જોડાઈ વિદ્યાર્થી દ્વારા કૌભાંડ કરાયું

## ત્રીજા વર્ષની પરીક્ષા આપ્યા બાદ બે વિદ્યાર્થી કોમ્પ્યુટર એજન્સીમાં જોડાયા હતા : પોલીસ દ્વારા આકરી પુછપરછ

અમદાવાદ, તા.૧૩

ગુજરાત યુનિવર્સિટી બીકોમ ગુણ કૌંભાડમાં કોમ્પ્યુટર એન્જન્સીની પોલીસ તપાસમાં અનેક ચોકાવનારી માહિતી સામે આવી છે. જેમાં ગોલ્ડ મેડલ મેળવનાર ત્રણ વિદ્યાર્થીઓ પૈકી શેખ મોહમદ મોહસિન અને સૈયદ સકીબશાહ નામના બે વિદ્યાર્થીઓ થર્ડ યરની પરીક્ષા આપ્યા બાદથી કોમ્પ્યુટર એજન્સીમાં ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે જોડાયા હતા. જેનાં આધારે પોલીસ દ્વારા એજન્સી સુપરવાઈઝરની પુછપરછ હાથ ધરવામાં આવી હતી.

જેમાં કૌભાંડ અંગે ચોકાવનારા મુદ્દાઓ સામે આવ્યા હતા. સુપરવાઈઝરના જણાવ્યા મુજબ જે વિદ્યાર્થીઓનાં કૌભાંડમાં નામ બહાર આવ્યા છે તે વિદ્યાર્થીઓ છેલ્લા કેટલાક સમયથી કોમ્પ્યુટર એજન્સીમાં ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે કામ કરી રહ્યા હતા. જેનાં લીધેઆ વિદ્યાર્થીઓએ પોતાની ઉત્તરવહીના માર્ક કરતા અલગ માર્કને માર્કશીટ ઉપર અને સર્વરમાં દાખલ કર્યા હોવાની પ્રબળ શક્યતા છે. થર્ડ પર બી કોમની પરીક્ષા આપ્યા બાદ આ વિદ્યાર્થીઓ કૌભાંડ પાર પાડવાનાં ઈરાદે આ કોમ્પ્યુટર એજન્સિમાં જોડાયા હોય તેવી પ્રબળ શક્યતા છે.

જેનાં આધારે પોલીસે વિદ્યાર્થીઓએ મેળવેલા માર્કને માર્કશીટમાં મૂકવા અને આ માર્કની ડેટા એન્ટ્રી કરવા માટે જે સીપીયુનો ઉપયોગ કરાયો હતો તેને એફએસએલમાં પરીક્ષણ માટે મોકલવાનો નિર્ણય કરાયો છે. સાથે જ આ કૌભાંડમાં કોમ્પ્યુટર એજન્સીનાં અન્ય કોઈ કર્મચારીઓ પણ સંડોવાયેલા હતા કે નહી તે જાણવા માટે પણ તપાસનાં ચક્રો ગતિમાન કર્યા છે. આ અંગે સીયુ શાહ સીટી કોમર્સ કોલેજનાં આચાર્ય એસ કે ત્રિવેદીએ જણાવ્યું હતુ કે ગોલ્ડ મેડલ મેળવનાર વિદ્યાર્થીઓ તેમના કોલેજકાળ દરમિયાન કોઈ ચર્ચામાં નહોતા આવ્યા ઉપરાંત આ વિદ્યાર્થીઓ હાજરી મુદ્દે પણ નિયમીત હતા. જેના કારણે આ વિદ્યાર્થીઓ આવુ કોઈ કૌભાંડ આચરશે નહી તેની કલ્પનાં કરાઈ ન હતી. ઉલ્લેખનીય છે કે આ ગુણ કૌભાંડ મામલે ગુજરાત યુનિવર્સિટી પોલીસ દ્વારા પરીણામ તૈયાર કરનારની કોમ્પ્યુટર એજન્સી સામે પણ ફરીયાદ દાખલ કરાઈને સમગ્ર કૌભાંડની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ડૉ. આંબેડકરના આર્થિક ચિંતન પર વકતવ્ય

ગાંધીનગર, તા. ૧૩

દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા ડૉ. આંબેડકરના આર્થિક વિચારો પરના ગ્રંથના આધારે 'ડૉ. આંબેડકરનું આર્થિક ચિંતન' વિષય પર જાણીતા વિચારક રાજુ સોલંકી વકતવ્ય આપશે. આજરોજ મંગળવાર સાંજે ૬.૦૦ વાગે સેક્ટર-૧૨ સ્થિત ડૉ. આંબેડકર ભવન સમિતિ ખંડમાં કાર્યક્રમ યોજાશે.

## પશ્ચિમ બંગાળના રાજયપાલશ્રી કેશરીનાથ ત્રિપાઠી રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

ગાંધીનગર, તા.૧૩

પશ્ચિમ બંગાળના રાજયપાલ શ્રી કેશરીનાથ ત્રિપાઠીએ તા. ૧૧મી જુલાઈ, ૨૦૧૫ના રોજ રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

અમદાવાદ ખાતે તા.૧૨મી જુલાઈ ૨૦૧૫ના રોજ એક કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા શ્રી કેશરીનાથ ત્રિપાઠીજીની રાજભવનની મુલાકાત વેળાએ રાજયપાલશ્રીએ સ્મૃતિચિહ્ન ભેટ આપ્યું હતું.

## વાલી મિટીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

સેકટર-૨૩ સ્થિત એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં વાલીઓની ચિંતન શિબિર યોજાઈ હતી.

જેમાં બાળકોને કઠીન પડતા વિષયોને સહેલાઈથી કેવી રીતે સમજાવવા તેના વિષે વાલીઓને માહિતી પુરી પાડવામાં આવી હતી. શિબિરમાં અંગ્રેજી, ગણિત, પર્યાવરણ, ગુજરાતી વિષયોની માહિતી આપી હતી.

# એન.એસ.યુ.આઈ.એ એમ.એસ.ડબલ્યુના પરિણામ જાહેર કરવા આવેદન પત્ર પાઠવ્યું

## ગુજરાત યુનિવર્સિટીએ બે મહિના પૂર્વે લીધેલ પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું નથી : વિદ્યાર્થીઓને પીએચ.ડી એમ.ફિલ.માં પ્રવેશ માટે સમસ્યા ઉભી થઈ : બીકના માર્યા વાઈસ ચાન્સેલર કેબીન છોડી નાસી ગયા

ગાંધીનગર, તા.૧૩

ભ્રષ્ટાચારનો અખાડો બની ગયેલ ગુજરાત યુનિ.ને શિક્ષણકાર્યમાંથી રુચિ ઉઠી ગઈ હોય તેવું લાગી રહ્યું છે. એમ.એસ. ડબલ્યુ અને એમ.એલ. ડબલ્યુની પરીક્ષાને બે મહિના પૂર્ણ થયા છતાં પરિણામ જાહેર ન કરાતા પીએચ.ડી. અને એમ.ફીલ.માં પ્રવેશ મેળવવા માટે હાલાકીનો સામનો વિદ્યાર્થીઓ કરી રહ્યા છે. આજે એન.એસ.યુ.આઈ. દ્વારા ગુજરાત યુનિ.ના પરીક્ષા નિયામકને આવેદન પાઠવવામાં આવ્યું હતું.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા એમ.એસ. ડબલ્યુ અને એમ.એલ. ડબલ્યુની પરીક્ષા તા. ૧૫-૫-૨૦૧૫ના રોજ લેવાયેલ જેને આજે ૨ મહિના જેટલો સમય વીતી ગયો હોવા છતાં પરીક્ષાનું પરિણામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. જયારે પીએચ.ડી. અને એમ.ફિલ.ની પ્રવેશ પરીક્ષાની તારીખ પણ જાહેર થઈ ગઈ છે ત્યારે એમ.એસ. ડબલ્યુ અને એમ.એલ. ડબલ્યુના વિદ્યાર્થીઓ પરિણામ ન આવવાથી મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ગુજરાત યુનિ.ની કથળેલી પરિસ્થિતિનો ભોગ વિદ્યાર્થીઓ બની રહ્યા છે. ગુજરાત યુનિ.ની બેદરકારીને લીધે વિદ્યાર્થીઓ હેરાન પરેશાન અને લાચાર થઈ ગયા છે.

એન.એસ.યુ.આઈ. દ્વારા ગુજરાત યુનિ.ના વાઈસ ચાન્સેલરને આવેદનપત્ર આપવા ગયા હતા પરંતુ વાઈસ ચાન્સેલર પોતાની કેબીન છોડી નાસી ગયા હતા. જેથી યુનિ.ના પરીક્ષા નિયામકને આવેનદપત્ર આપ્યું હતું. ત્યારે એમ.એસ. ડબલ્યુ અને એમ.એલ. ડબલ્યુના વિદ્યાર્થીઓનું પરિણામ તાત્કાલિક ધોરણે જાહેર કરવામાં આવે જેથી વિદ્યાર્થીઓ તકલીફમાંથી મુકત થઈને આગળ અભ્યાસ માટેની તકનો લાભ લઈ શકે તેવી એન.એસ.યુ.આઈ. દ્વારા માંગણી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં યુનિ. વેલ્ફેર સભ્ય વિરેન્દ્રસિંહ ગોહિલ, પ્રદેશ ઉપપ્રમુખ વિશાલસિંહ ગુર્જર, યુનિ. સેનેટ સભ્ય



અને પ્રદેશ મંત્રી હસમુખ ચૌધરી, પ્રદેશ મંત્રી સુભ્હાન સૈયદ સહિતના મોટા ભાગના પ્રદેશ હોદ્દેદારો તેમજ કાર્યકરો-આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

# ડીગ્રી ઈજનેરીમાં બાકી સીટ ભરવા આજથી બીજો રાઉન્ડ

## ૨૪ જુલાઈ સુધીમાં ચોઈસ ફીલીંગ કરાવી શકાશે : ડિગ્રી એન્જિનિયરિંગ ૭૧૦૦૦ બેઠકો પૈકીની ૬૧૬૦૮ બેઠકો ઉપર કાર્યવાહી બાદ ૨૯૬૧૭ બેઠકો ખાલી રહી

અમદાવાદ, તા.૧૩

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા ડિગ્રી ઈજનેરીની ૭૧ હજાર બેઠકો પૈકી ૬૧૬૦૮ બેઠકો ઉપર પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ફી ભરવાનાં અંતિમ દિવસ સુધી ૨૯૬૧૭ બેઠકો ખાલી પડેલી આ બેઠકો ભરવા માટે બીજો પ્રવેશ રાઉન્ડ શરૂ કરવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયમાં ડીગ્રી ઈજનેરીની પ્રવેશ કાર્યવાહી જેમ જેમ આગળ વધતી જાય છે તેમ તેમ ખાલી પડતી બેઠકોની સંખ્યામાં પણ વધારો થતો જાય છે. પ્રવેશ સમિતી દ્વારા કુલ ૬૧૬૦૮ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં કુલ ૪૬૦૬૨ વિદ્યાર્થીઓએ ચોઈસ ફીલીંગ કરાવી હતી. એટલે કે કુલ ૬૧૬૦૮ બેઠકો પૈકી ૧૫૫૪૬ બેઠકો પહેલેથી જ ખાલી પડી રહી હતી. ત્યાર બાદ ફી ભરીને પ્રવેશ કન્ફર્મ કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જેમાં અંતિમ દિવસ સુધી કુલ ૩૧૯૯૧ વિદ્યાર્થીઓએ પોતાનો પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. એટલે કે ચોઈસ ફીલીંગ કરનાર વિદ્યાર્થીઓ પૈકી ૧૪૦૭૧ વિદ્યાર્થીઓએ પોતાનો પ્રવેશ કન્ફર્મ કરાવ્યો નથી. એટલે કે ડીગ્રી ઈજનેરી કોલેજોની પ્રવેશ સમિતી હસ્તકની બેઠકો પૈકી કુલ ૨૯૬૧૭ જેટલી બેઠકો પ્રથમ રાઉન્ડનાં અંતે ખાલી પડી રહી છે. જ્યારે હજી આવતીકાલ સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરવાની છેલ્લા તારીખ છે એટલે ખાલી બેઠકોનું વાસ્તવિક ચિત્ર આવતીકાલે સાંજે જ સામે આવશે જો કે બીજી બાજુ આવતીકાલથી પ્રવેશ સમિતી હાથ ધરવામાં આવશે જે અંતર્ગત વિદ્યાર્થીઓ ૨૪ જુલાઈ સુધીમાં બીજા રાઉન્ડમાં ચોઈસ ફીલીંગ કરાવી શકશે.

જેનાં આધારે ૨૭મી જૂલાઈનાં રોજ પ્રવેશ યાદી જાહેર કરવામાં આવશે. આ યાદીમાં સમાવિષ્ઠ વિદ્યાર્થીઓને ૨૯ જુલાઈ સુધીમાં ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરવાની સમય મર્યાદા આપવામાં આવશે જ્યારે ૩૦મી જુલાઈનાં રોજ બીજા રાઉન્ડના અંતે ખાલી પડી રહેલી બેઠકોની યાદી જાહેર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે ૨૫,૦૦૦થી વધુ બેઠકો ખાલી પડી રહે તેવી આશંકા છે.

## ભાજપ અનુસૂચિતજાતિ મોરચાની આજે મિટિંગ

અમદાવાદ, તા.૧૩

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલ તા. ૧૪ જુલાઈના રોજ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ પ્રભારી ડાં.દિનેશ શર્મા, પ્રદે અધ્યક્ષ આર સી ફળદુ અને પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણિયાની ઉપસ્થિતિમાં વિવિધ બેઠકો યોજાશે. અનુસુચિત જાતિ મોરચાના અધ્યક્ષ અંબાલાલા રોહિતની ઉપસ્થિતિમાં સવારે મોરચાની પ્રદેશ બેઠક યોજાશે. પ્રદેશ મહામંત્રી મનસુખભાઈ માંડવીયાની ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારીઓની બેઠક યોજાશે. જ્યારે મધ્ય ઝોનના વિવિધ સેલના જીલ્લા મહાનગર કન્વીયર-સહ કન્વીયર બેઠકમાં વિવિધ સેલના પ્રદેશ સંયોજન ડાં. અનિલ પટેલની અધ્યક્ષતામાં યોજાશે. આ ત્રણેય બેઠકોમાં પદાધિકારીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

# ગાંધીનગરના સેવા ભેખધારી વયોવૃદ્ધ યુવાન જયેન્દ્ર પરીખ સેવાનો રાહ ચીંધે છે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના સામાજિક જીવનમાં જીવન સંધ્યાના ૮૦મા વર્ષની વયે પહોંચેલા સેવા ભેખધારી શ્રી જયેન્દ્ર પરીખનો તા. ૧૪મી જુલાઈએ જન્મદિન છે. આજે પણ નિવૃત્તિની પ્રવૃત્તિમાં આનંદથી રમરાણ રહેતા જયેન્દ્રભાઈમાં સેવાપ્રવૃત્તિનો ઉત્સાહ, આયોજન અને ધગશ એટલી જ દેખાય છે. આજના તેમના જન્મદિને જુનયિર સિટીઝન કાઉન્સિલના સ્ટાફ મિત્રો, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના કર્મચારી ગણ અને સહયોગ મંડળના સભ્યોએ તંદુરસ્ત સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્યની શુભેચ્છાઓ પાઠવી છે.



''ખંતથી ખર્ચે, કરે પરિહિત કામ, ખાય અને ખવડાવે એજ એનું કામ'' આ ઉક્તિ જેમને અક્ષરશઃ લાગુ પડે છે તેવા જયેન્દ્ર પરીખનો જન્મ તા. ૧૪-૭-૧૯૩૫ના રોજ ખેડા જિલ્લાના મહુધા ખાતે થયો હતો. લાયબ્રેરી સ્નાતક થયા બાદ તેમણે ૧૯૬૦માં ગુજરાત સરકારમાં કારકુન તરીકે નોકરીમાં જોડાઈ તેઓ જુલાઈ ૧૯૯૩માં વય નિવૃત્તિને પામ્યા હતા. પ્રારંભમાં તેમણે પોતાના ગુરૂ માનતા ગજેન્દ્ર ખારોડના સાનિધ્યમાં સિનીયર સિટિઝન કાઉન્સિલમાં સ્વયં સેવક તરીકે લોકસેવાનું કાર્ય આરંભ્યુ હતુ. આ સેવા યજ્ઞ દરમ્યાન જણાયુ કે લોકોને વધુ સારી અને ઝડપી સેવા માટે ઉત્સાહી અને ખંતિલા યુવાનોની જરૂર છે ત્યારે તેમણે વર્ષ ૨૦૦૦ની સાલમાં જુનિયર સિટીઝન કાઉન્સિલનો પ્રારંભ કર્યો. જુસિકા અને સિસિકાની પ્રવૃત્તિઓના સંકલન વડે તેમણે પુરા સમયનું દાન મેળવવા, રક્તદાન શિબિરો, આરોગ્ય શિબિરો વગેરેનું આયોજન કરવા વિશેષ રસ દાખવ્યો હતો. તેમના ઉત્સાહ અને ધગશને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૦૪માં ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટીના ગાંધીનગર જિલ્લા શાખાના પ્રમુખ તરીકે પસંદગી પામ્યાં હતા.

નિયમિત રીતે રક્તદાન શિબિરો યોજવાનું જાળવીને તેમની ટીમે ૧૧૦૯૮ એકમ લોહી સ્વૈચ્છિક રક્તદાતાઓ પાસેથી મેળવ્યુ અને હજુ પણ આ પ્રવૃત્તિ તેમની ચાલુ જ છે. પ્રજ્ઞાચક્ષુઓના જીવનમાં રોશની લાવવા તેમણે ૨૧૦ જોડી ચક્ષુઓ દાનમાં મેળવ્યા અને રૂઢિગત વિચારસરણીમાં પણ સમજાવટથી આગવી રીત, સાલસ સ્વભાવ અને મળતાવડાપણાને કારણે અત્યાર સુધીમાં તેઓ ૧૭ દેહદાન પણ મેળવી ચુક્યા છે. તે પણ પુરા ધાર્મિક સંસ્કાર અને માનવ ગૌરવને છાજે તે રીતે ૨૬૫ બિનવારસી મૃતકોના અગ્નિસંસ્કાર કર્યા અને તેમના અસ્થિકુંભોને હરિદ્વાર ખાતે પવિત્ર ગંગા નદીમાં વિસર્જન પણ કરાવ્યા. છેક સાબરકાંઠાના વિજયનગરના આદિવાસીઓ, ગરીબ અને અભણ લોકો માટે સેવા કરતી ગજાનંદ સેવા સમિતિ સાથે જોડાઈને આરોગ્ય, શૈક્ષણિક, અનાજ વિતરણ અને કલ્યાણ પ્રવૃત્તિ કરવા ખડેપગે રહ્યા. આ ઉપરાંત કચ્છનો ભૂકંપ હોય કે અન્ય કુદરતી આપત્તિ તેઓ હંમેશા સેવાકીય મશાલને પ્રજવલ્લિત જ રાખી રહ્યા છે. પોતાની ચિંતા છોડી બીજાના દુઃખ દર્દોમાં સાથે રહેતા શ્રી જયેન્દ્ર પરીખને ગુજરાત સરકારે 'સેવા ચંદ્રક'થી નવાજ્યા છે. આજે તેમના જન્મ દિને 'ગાંધીનગર સમાચાર' પણ સુખદ સ્વાસ્થ્યમય જીવનની શુભેચ્છાઓ પાઠવે છે.

# એકસાથે ત્રણ અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા

## હજારો લોકોની આખો ભીની થઈ : શોકનો માહોલ ફેલાયો

અમદાવાદ, તા.૧૩


નારેશ્વર નર્મદા નદીમાં ડૂબી ગયેલા આઠ પૈકી ત્રણ મૃતકોની અંતિમયાત્રા આજે સવારે નિકોલમાંથી નીકળી હતી. મૃતક પ્રફુલભાઈ પ્રજાપતિ અને અલ્પેશભાઈ પ્રજાપતિની શિરોમણી રેસિડેન્સીમાંથી તેમજ મૃતક મનિષભાઈ પેઠાણીની પટેલ પાર્કમાંથી અંતિમયાત્ર નીકળી હતી. આ અંતિમયાત્રામાં પરીવાર તેમજ સ્થાનિક રહીશો મળીને લગભગ અઢી હજાર લોકો જોડાયા હતા. નારેશ્વરમાં ડુબેલા આઠ લોકોમાં ગઈકાલે ચાર મૃતદેહ મળ્યા હતા. આજે વધુ ચાર મૃતદેહો મળી આવ્યા હતા. આઠ મૃતકોમાંથી ત્રણના મૃતદે અમદાવાદ લાવ્યા હતા. તેમજ અન્ય પાંચ મૃતકોના મૃતદેહને તેઓના વતન લઈ જવાયા હતા. આ ઉપરાંત આજે અન્ય પાંચ મળી આવેલા મૃતદેહને તેમનાજ વતનમાં કાલે અંતિમયાત્રા આવવાના છે.આ મૃતકોમાં બે ભાઈ-બહેન જૈનસી નારોલા અને રૂપિલ અને કાકા વિપુલભાઈનું અંતિમ યાત્રા દામનગર વલ્લભીપુર ખાતે મૃતક કૌશિકભાઈ પ્રજાપતિને સાવરકુંડલા ખાતે તેમજ મૃતક કુણાલભાને પાસ્કર,



નારેશ્વરમાં ડુબી જવાથી મૃત્યુ પામેલા અમદાવાદ શહેરના લોકોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા જેમાં મોટી સંખ્યામાં અંતિમ વિધિમાં લોકો ઉમટી પડ્યા હતા.

પુણે અંતિમ સંસ્કાર વિધી કરાશે. ગત કાલે અમદાવાદ નીકોલ રોડ પર આવેલી શિરોમણી રેસીડન્સીમાં રહેતા આઠ પરિવારોના ૩૩ સભ્યોની લકઝેરી બસ કરીને કરજણ ખાતે આવેલા નારેશ્વર નર્મદા નદીમાં સ્નાન કરવા આવ્યા હતા. નદીએ પહોંચીને તમામ પાણીમાં જતાની સાથે એક પછ એક બે બાળકો સહિત ૮ સભ્યો સોસાયટીના અન્ય સભ્યોની નજર સમક્ષ નદીના ઊંડા પાણીમાં દરકાવ કરી ગયા હતા. પરીવાના સભ્યો ડુબતા જોઈને અન્ય સભ્યો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. આ ઘટના બનતા બચાવવાની બૂમ કરતાં તેમજ સ્થાનિક તરવૈયા ઓ જોતા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

આ ઘટનામાં પ્રવીણભાઈને બચાવી લીધા હતા. પરંતુ પ્રવીણભાઈના બે સંતાનો રૂપીલ પ્રવીણભાઈ નારોલ અને જૈનીસા પ્રવીણભાઈ નારોલા ઉ.વ.૧૨ પાણમાં ડૂબી ગયા હતા. તેમજ પ્રવીણભાઈના ભાઈ વિપુલભાઈ અને મુખ્ય આયોજક અલ્પેશભાઈ બટુકભાઈ પ્રજાપતિ લાપતાં થઈ ગયા હતા. સ્થાનિક તરવૈયાઓ અને પોલીસ દ્વારા શોધખોળ દરમ્યાન સાંજ સુધીમાં ચાર મૃત દેહ મળી આવ્યા હતા.




# એલડીઆરપી કોલેજ ખાતે વર્લ્ડ પોપ્યુલેશન દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૩

એલડીઆરપી કોલેજ એન.એસ.એસ. યુનિટના વિદ્યાર્થીઓ કોલેજના વિદ્યાર્થીઓએ આજે વર્લ્ડ પોપ્યુલેશન દિવસની ઉજવણી કરી હતી. વધતી જતી વસ્તીને નિયંત્રણમાં રાખવા મેરેજ, ઓનર કિલીંગ, ફેમિલી પ્લાનીંગ વિષય પર પ્રેઝન્ટેશન અને નૃત્યો રજૂ કર્યા હતા.



દ્વારા 'વર્લ્ડ પોલ્યુલેશન ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં યુથ રિપ્રોડક્ટીવ હેલ્થ એજ્યુકેશન એન્ડ યુથ સેફ બિહેવીયર વિષય પર કાર્યક્રમ યોજાયો હતો.

ગાંધીનગર સ્થિત એલડીઆરપી પ્રેગનન્સી, એબોર્સન, એઈડ્સ, ટીનેજ માટેની માહિતી પુરી પાડવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓએ યુથ રિપ્રોડક્ટીવ હેલ્થ એજ્યુકેશન એન્ડ યુથ સેફ બિહેવીયર વિષય પર વિવિધ સાંસ્કૃતિ કાર્યક્રમો યોજ્યા હતા. ટીનએજ

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. વર્ષા પારેખ ઉપસ્થિત રહી વર્લ્ડ પોપ્યુલેશન દિવસ પર વિશેષ પ્રકાશ પાડ્યો હતો. કોલેજના આચાર્યા, પ્રોગ્રામ ઓફિસર, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ડમ્પરે બાઈકચાલકને ટક્કર મારતા ચકચાર

અમદાવાદ, તા.૧૩

બાવળા-બગોદરા હાઈવે પર ગઈ કાલે ડમ્પર ચાલક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ડમ્પર ચાલકે બાઈક ચાલકને અડફેટે લેતા બાઈક ચાલક ગંભીર ઈજાઓને કારણે બાઈક ચાલકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સૂત્રો મુજબ ગઈકાલે બાવળા-બગોદરા હાઈવે પર આવેલા મટોડાછારી પાટિયા પરથી બાઈક ચાલક પસાર થઈ રહ્યો હતો. તે દરમ્યાન ત્વરિત ઝડપે પસાર થતી ડમ્પર ચાલકે બાઈક ચાલકને અડફેટે લીધો હતો. અને આ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતના પગલે બાઈક ચાલક નીચે પટકાયો હતો અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ગંભીર ઈજાઓને અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માત બાદ ડમ્પર ચાલક નાસી છુટયો હતો. આ અંગે ચાંગોદર પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.